بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.20-01-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આપણામાંથી કોણ નથી જાણતો કે મુસ્લિમો પર નમાઝ ફર્ઝ છે. કુરઆન કરીમમાં અનેક સ્થાનોએ નમાઝનું મહત્ત્વ ભિન્ન ભિન્ન પ્રકારથી બયાન કરીને તેની તરફ ધ્યાન આકર્ષિત કયું છે. આંહઝરત સ.અ.વ.એ પણ ફરમાવ્યું કે નમાઝ ઈબાદતનો આધાર છે બલ્કે આપ સ.અ.વ.એ અહીં સુધી ફરમાવી દીધું કે નમાઝને છોડવી ઈન્સાનને કુફ્ર તથા શિર્કની નિકટ કરી દે છે. પછી આપે નમાઝનું મહત્વ બયાન કરતા ફરમાવ્યું કે કયામતના દિવસે સૌ પ્રથમ જે વસ્તુંનો બંદાથી હિસાબ લેવામાં આવશે, તે નમાઝ છે.

પછી બાળકોને પણ નમાઝના પાબંદ બનાવવા માટે આંહઝરત સ.અ.વ.એ ઈરશાદ ફરમાવ્યો કે સાત વર્ષની આયુંનો થવા પર બાળકોને નમાઝ માટે પ્રેરિત કરો અને દસ વર્ષની આયુંમાં તેમને નમાઝનો પાબંદ કરવા માટે કોઈ સખતાઈ કરવી પડે તો કરો. જો માં બાપ જ નમાઝોના પાબંદ ન હોય તો બાળકોને કઈ રીતે કહી શકે છે અથવા બાળકો પોતાના ઈજલાસોમાં અથવા વિભિન્ન માધ્યમોથી આ હદીસ સાંભળી લે, આંહઝરત સ.અ.વ.નો ઈરશાદ સાંભળી લે, પરંતુ પોતાના ઘરમાં તે પોતાના પિતાને નમાઝનો પાબંદ ન જુએ તો તેમના પર શું પ્રભાવ પડશે ? નિઃસંદેહ એવા બાપોના બાળકો આ વિચારશે કે આ આદેશનો કોઈ મહત્વ નથી. દુન્યવી ઈચ્છાઓની પૂર્તિ માટે, બાળકોની દુન્યવી પ્રગતિ માટે તો માતા પિતા ચિંતા વ્યકત કરતા હોય છે પરંતુ જે વાસ્તવિક ચિંતાનો વિષય છે તેની ચિંતા નથી હોતી. આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે શું તમે સમજો છો કે જો કોઈના ઘર પાસેથી નહેર વહેતી હોય તથા તે તેમાં દૈનિક પાંચ વાર સ્નાન કરતો હોય તો શું તેના શરીર પર કોઈ મેંલ રહેશે. સહાબાએ કહ્યું કે યા રસૂલુલ્લાહ ! નિઃસંદેહ કોઈ મેંલ ન રહેશે. આથી આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે તો પછી આ જ ઉદાહરણ પાંચ નમાઝોનું છે. અલ્લાહ તઆલા તેના દ્વારા પપ ક્ષમા કરે છે તથા દુર્બળતાઓ દુર કરે છે. પાંચ નમાઝો પઢનાર પર કોઈ મેંલ નથી રહેતો.

આમ, આ નમાઝનો મહત્વ છે જે આંહઝરત સ.અ.વ.એ એક સુંદર ઉદાહરણ દ્વારા બયાન ફરમાવી. આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે જે વ્યકિતએ ઘરેથી વુઝૂ કર્યો પછી તે અલ્લાહ તઆલાના ઘરે અર્થાત મસ્જીદ તરફ ગયો જેથી ત્યાં ફર્ઝ ણમાઝ અદા કરે તો મસ્જીદ તરફ જતા જેટલા કદમ તેણે ઉઠાવ્યા તેમાંથી જો એક કદમથી તેનો એક ગુનો માફ થશે તો બીજા કદમથી તેનો એક દરજ્જો બુલંદ થશે અર્થાત પ્રત્યેક કદમ જ તેને સવાબ આપનાર છે.

પછી એક અવસરે જમાઅત સાથે નમાઝના મહત્વને આપ સ.અ.વ.એ આ રીતે બયાન ફરમાવ્યું કે શું હું તમને તે વાત ન જણાવું જેનાથી અલ્લાહ તઆલા પાપ મિટાવી દે છે તથા દરજ્જો બુલંદ કરે છે ? સહાબા રિઝવાનુલ્લાહિ અલૈહિમએ જે દરેક સમયે આ વાત માટે વ્યાકુળ રહેતા હતા કે અમને કયારે કોઈ અવસર મળે અને અમે અલ્લાહ તઆલાને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરીએ, તેને પ્રસન્ન કરવાનું સાધન સિખીએ, તેની નિકટતા પ્રાપ્ત કરીએ, પોતાના ગુનાહોથી દુરીઓ પૈદા કરીએ, તેમણે નિવેદન કર્યુ યા રસૂલુલ્લાહ અવશ્ય જણાવો. આપ સ.અ.વ.એ ફરમાવ્યું દિલ ન ઈચ્છવા છતા ખુબ સારી રીતે વુઝૂ કરવું

તથા મસ્જીદમાં દુરથી ચાલીને આવવું અને એક નમાઝ પછી બીજી નમાઝની પ્રતિક્ષા કરવી, આ ગુનાહોથી દુરીઓ પૈદા કરે છે. આપે ફરમાવ્યું કે એટલું જ નહી બલ્કે આ એક પ્રકારનું રબાત છે અર્થાત સીમાઓ પર મુસાફરખાનું સ્થાપિત કરવાને સમાન છે. જે રીતે દેશ પોતાની સુરક્ષા હેતુ સીમાઓ પર છાવનીઓ બનાવે છે, સેનાઓ રાખે છે, આ એવુ જ છે. તે જ રીતે જમાઅત સાથે નમાઝ પઢવામાં, એકલા નમાઝ પઢવાની તુલનામાં ૨૭ ગણો અધિક સવાબ છે. આ વિશે પણ આપ સ.અ.વ.એ ઈરશાદ ફરમાવ્યું . હઝરત મસીહ મૌઊદ અ.સ. બા જમાઅત નમાઝનું મહત્વ બયાન કરતા એક સ્થાને ફરમાવે છે કે:

નમાઝમાં જે જમાઅત સાથેનો સવાલ અધિક રાખ્યો છે, તેનો આ જ હેતુ છે કે એકતા પૈદા થાય છે તથા પછી એકતાને ક્રિયાશીલ રંગમાં લાવવાનો અહીયા સુધી નિર્દેશ તથા આદેશ છે કે પગ પણ પરસ્પર સમાનાન્તર હોય તથા લાઈન સીધી હોય અને એક બીજા સાથે મળેલ હોય. એનો મતલબ એ છે કે એવું લાગે કે માનો કે એક જ ઈન્સાન સમાન છે. આ ખુબ યાદ રાખો કે ઈન્સાનમાં આ શકિત છે કે તે બીજાના પ્રકાશને ગ્રહણ કરે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જો આપણે એક તરફ તો આ દાવો કરીએ છીએ કે આપણે પોતાની રૂહાની હાલતની પ્રગતિ તથા એકતાની સ્થાપના માટે આંહઝરત સ.અ.વ.ના સાચા ગુલામ તથા મસીહ મૌઉદ વ મહદી મઅહૂદને માની લીધા છે અને બીજી તરફ કર્મો તથા વિશેષ રૂપથી મૂળભૂત આદેશોના પાલનમાં કમજોરી હોય, બુનિયાદી જે ફર્ઝ છે તેમાં કમજોરી હોય. તે જ વાતમાં કમજોરી હોય જે આપણા જીવનનો હેતુ છે, તે જ વસ્તુંમાં કમજોર હોય જે તે લક્ષ્યની પ્રાપ્તિ માટે જે ઓછામાં ઓછું સ્તર અલ્લાહ તઆલાએ નિશ્ચિત ફરમાવ્યો છે, તો આપણે કઈ રીતે દાવો કરી શકીએ છીએ કે આપણે પોતાની રૂહાની હાલતની પ્રગતિ તથા અલ્લાહ તઆલાના આદેશ અનુસાર ચાલવા માટે આંહઝરત સ.અ.વ.ના આદેશ પર લબ્બૈક કહેતા હઝરત મસીહ મૌઊદ અ.સ.ને માન્યા છે. પ્રત્યેક સદબુદ્ધિ વ્યસ્ક પુરૂષ માટે નમાઝ પઢવું અનિવાર્ય છે, પરંતુ આ વાતને જ્યારે આપણે જોઈએ છીએ તો પુરો ધ્યાન નથી તથા દુર્બળતા છે. નિઃસંદેહ એક વાસ્તવિક મોમિન પર નમાઝ ફર્ઝ છે તથા આ વાતનો તેને સ્વયં ધ્યાન રાખવો જોઈએ, પરંતુ જમાઅતમાં એક નિઝામ પણ સ્થાપિત છે, તે નિઝામને પણ આ તરફ ધ્યાન અપાવતા રહેવું જોઈએ. તેનો યથાર્થ સ્પષ્ટ કરતા રહેવું જોઈએ. હું હંમેશા મારા સંબૌથનોમાં આ તરફ ધ્યાન આપાવતો રહું છું પરંતુ તેને પછી આગળ ફેલાવવો મુરબ્બિઓ તથા નિઝામે જમાઅતનું કામ છે જમાઅતના પ્રત્યેક વ્યકિત સુધી નમાઝના મહત્વનો સંદેશ વારંવાર પહોચાવો વાસ્તવમાં તો અહેમદી હોવાનો હક તે સમયે અદા કરી શકીશું જ્યો આપણે નમાઝોની સુરક્ષા કરતા તેનો આધ્યાત્મિક આનંદ ઊઠાવનાર થઈશું તથા જ્યારે આ આધ્યાત્મિક આનંદ તથ સરૂર પ્રાપ્ત થવું આરંભ થઈ જાય તો પછી નમાઝોની અદાયગી તરફ પણ સ્વયં ધ્યાન પૈદા થઈ જશે.

જ્યારે અલ્લાહ તઆલા કહે છે કે નમાઝ બૂરાઈઓથી બચાવે છે તો નિઃસંદેહ આ સત્ય છે, અલ્લાહ તઆલાનો કલામ જુઠો નથી હોઈ શકતો. જે લોકોમાં નમાઝ પઢવા છતા પણ બૂરાઈઓ રહે છે તેમની નમાઝો માત્ર પ્રત્યક્ષ નમાઝો હોય છે, તે તેની રૂહને નથી સમજતા. માટે આ અત્યંત ચિંતા જનક વાત છે જેના પર આપણે પ્રત્યેકે પોતાની અવસ્થાનું નિરીક્ષણ કરવું જોઈએ.

અમુક જમાઅતો નમાઝોમાં સારી હાજરી હોય છે પરંતુ તો પણ કોઈ ન કોઈની નમાઝ છુટી રહી હોય છે તથા અમુક એવા હોય છે જે અનેક વાર એક બે નમાઝો નથી પઢતા તથા તેનો એક કારણ જેવું કે મેં કહ્યું કે આ પણ છે કે નિઝામ તેની તરફ ધ્યાન નથી અપાવતું તથા નિઝામની પણ અન્ય પ્રાથમિકતાઓ છે. મારા ખુત્બા પહેલી વાત તો આ છે કે પ્રત્યેક સાંભળતા નથી. આ કહેવું કે શત પ્રતિશત લોકો સાંભળે છે એ પણ ગલત છે અને જો સાંભળી પણ લે તો પણ નિરંતર યાદ અપાવતા રહેવું નિઝામે જમાઅતનું કામ છે, એટલા માટે નિઝામ સ્થાપિત કર્યો છે કે પ્રશિક્ષણ તરફ ધ્યાન રહે. ગત દિવસોમાં અહીયાની એક જમાઅતની મજલિસે આમલા સાથે મુલાકાત હતી તો સદર સાહેબે જણાવ્યું કે જ્યારથી હું સદર બન્યો છું આર્થિક નિઝામ તરફ મેં ખુબ ધ્યાન આપ્યું છે તથા હવે અમે આમા ખુબ તીવ્રતા સાથે અગ્રેસર છીએ તો મેં તેમને કહ્યું કે ઠીક છે આ પ્રયાસ તો આપે કર્યુ પરંતુ જે એક મોમિન માટે આધાર છે તથા અનિવાર્ય છે અર્થાત નમાઝ, તેના માટે આપે શું પ્રયાસ કર્યો ? તો આ વિશે ખામોશી હતી. ફજર અને ઈશાની નમાઝમાં ઉપસ્થિતિના વિષયમાં મેં જે જાણકારી પ્રાપ્ત કરી તથા નિરીક્ષણ કર્યુ તો તેમાં જે વિવરણ સામે આવ્યા તે ખુબ સારૂ હતું પરંતુ નિઝામનો તેમાં કોઈ યોગદાન ન હતો. જો હર્ષ તથા આનંદ ઉત્પન્ન કરનાર નમાઝી પૈદા થઈ જાય તો આર્થિક વ્યવસ્થા જાતે જ ઠીક થઈ જશે કેમ કે તકવાનું ધોરણ વધવાથી જ માલની કુરબાની તરફ ધ્યાન આકર્ષિત થાય છે અને આ જ નહી બલ્કે ઉમૂર એ અમ્મા તથા કઝાના વિભાગની સમસ્યાઓ જે છે તેનો પણ ઉચિત સંખ્યામાં નિવારણ થઈ જશે, બલ્કે અન્ય વિભાગ પણ સક્રિય થઈ જશે જો નમાઝો અદા કરવાનું શરૂ કરી દે બધા. સાધારણ રીતે વિશ્વની પરિસ્થિતિઓ એવી છે કે યુદ્ધ તથા વિનાશનો ભય પણ ખુબ તીવ્રતાથી વધી રહ્યો છે. ઘણાં બધા લોકો લખે છે કે યુદ્ધ આરંભ થશે તો શું ધશે, આપણે શું કરીશું ? તો તેમને આ જ જવાબ છે કે જો આ દુવિધાઓથી બચવું છે તો પછી જેવું કે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું છે, ખુદાએ જુલ અજાયબથી પ્રેમ કરવુ પડશે અને તે પ્રેમનો એક જ તરીકો છે, પોતાની નમાઝો તથા પોતાની ઈબાદતોને તેના નિર્દેશ અનુસાર ઢાળવા આનંદ તથા સરૂર પૈદા કરવાનો આપણે પ્રયાસ કરીએ.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે :

ખુબ યાદ રાખો કે ગૈરૂલ્લાહ તરફ જુકવું ખુદાથી દુર કરે છે. તૌહીદની ક્રિયાશીલ અભિવ્યકિત નમાઝ છે. તૌહીદ મોંથી દાવો તો કરી દીધો પરંતુ તેના ક્રિયાત્મક રંગમાં અભિવ્યકિતનું નામ, તૌહીદના અમલી ઈઝહારનું નામ નમાઝ છે. ફરમાવ્યું કે નમાઝ અને તૌહીદ કોઈ જ હોય, કેમ કે તૌહીદના અમલી ઈઝહારનું નામ જ નમાઝ છે, તે સમયે બરકત હીન તથા અસફળ હોય છે જ્યારે તેમાં વિલીનતા અને વિનયતાની આત્મા તથા સુંદર મન ન હોય. ફરમાવ્યું કે સાંભળો તે દુઆ જેના માટે ادعونی استجب لکم અર્થાત મને પુકારો હું તમને જવાબ આપીશ. ફરમાવ્યું કે આના માટે એવી સાચી આત્મા જોઈએ. જો આ વિનયતા તથા વિલીનતામાં વાસ્તવિક આત્મા નથી તો તે ટૈં ટૈં થી ઓછું નથી.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જેવું કે પહેલા ચર્ચા થઈ ચુકી છે કે દુઆમાં વિનમ્રતા તથા વિલીનતા હોય તો પછી અલ્લાહ તઆલા કબૂલ ફરમાવે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ઈન્સાનની આત્મા જ્યારે વિલીન થઈ જાય છે તો તે ખુદા તરફ એક ઝરણાંની જેમ વહે છે તથા અલ્લાહ સિવાય તે પ્રત્યેક વસ્તુંથી કપાઈ જાય છે તો તે સમયે ખુદા તઆલાની મહોબ્બત તેના પર પડે છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જ્યારે ખુદા તઆલાની મહોબ્બત ઈન્સાન પર પડે છે તો પછી ગુનાહ બળીને નષ્ટ થઈ જાય છે અને પછી નિરંતર નમાઝોમાં આનંદની અવસ્થા પૈદા થઈ જાય છે. માટે આ ફરીયાદો કરવા કરતા અથવા એવો વિચાર દિલમાં લાવ્યા કરતા કે અમારી નમાઝો અમને આનંદિત નથી કરતી, આપણે અલ્લાહ તઆલાથી તે વિશેષ સંબંધ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. પોતાની દશાઓ પર વિચાર કરો કે આપણે કેવળ ટક્કરો મારી રહ્યા છીએ અથવા નમાઝનો હક અદા કરી રહ્યા છીએ

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે નમાઝની વ્યવસ્થા તથા પાબંદી ખુબ જરૂરી વાત છે જેથી પહેલી વાત આ છે કે તે એક મજબૂત આદત જેમ સ્થાપિત હોય તથા અલ્લાહ તરફ જવાનું ધ્યાન હોય. પછી ધીરે ધીરે તે સમય જાતે જ આવી જાય છે જ્યારે કે પૂર્ણ વિલીનતાની હાલતમાં ઈન્સાન એક નૂર તથા એક આનંદનો ઉત્તરાધિકારી થઈ જાય છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે માટે પહેલા નમાઝની આદત જરૂરી છે, પોતાને નમાઝોનો પાબંદ કરવો અનિવાર્ય છે. ચાહે નમાઝોનો લાભ દેખાતો હોય કે ન દેખાતો હોય પરંતુ નમાઝો હર હાલમાં પઢવી છે, કેમ કે આ ફર્ઝ છે અને આ સમજીને આદત જરૂરી છે કે મારે પ્રત્યેક દશામાં અલ્લાહ તઆલા તરફ જવું છે, તેની પાસે જ જવું છે પ્રત્યેક આવશ્યકતા માટે તેનાથી જ માંગવું છે. આ મજબૂત સંકલ્પ જો રહેશે તો પછી એક સમય આવશે કે નમાઝોના હક પણ અદા થવા આરંભ થઈ જશે, નમાઝોમાં આનંદ પણ આવવુમ શરૂ થઈ જશે.

અલ્લાહ તઆલા આપણને નમાઝોની હિફાઝત કરવાની તૌફીક અતા કરે , તેમાં નિરંતરતા સ્થાપિત રાખવાની તૌફીક અતા કરે. પોતાની નમાઝોને વિશુદ્ધ થઈને, અલ્લાહ તઆલાની પ્રસન્નતા માટે અદા કરવાની તૌફીક અતા ફરમાવે. આપણી નમાઝોમાં આનંદ તથા સરૂર પૈદા ફરમાવે, કદાપી અમે તેમાં આળસ દેખાડનાર ન થઈએ તથા તે વાતની વાસ્તવિકતા સમજનાર બનીએ કે આજે દુનિયાની આફતો તથા દુવિધાઓથી આપણે તે સમયે મુકિત પ્રાપ્ત કરી શકીએ છીએ જ્યારે આપણે અલ્લાહ તઆલાની બંદગીનો હક અદા કરનાર થઈશું. અલ્લાહ તઆલા આપણને આની તોફીક આપે. આમીન.

******

| Khulasa Khutba Jumma Huzoor Anwar 20 January 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To........................................................................................................<br>........................................................................................................<br>........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |